# પાટણ મદદનીશ ચૂંટણી અધિકારીની દેખરેખ હેઠળ ટીમો મતદાન બુથ તરફ રવાના

## ચૂંટણીના દિવસે નિયમોનુસાર કામગીરી કરવા તેમજ સમયાંતરે ઝોનલ અધિકારીશ્રીઓએ રીપોર્ટીંગ કરવા સુચના આપી



(તસવીર : ચેતન રામી, પાટણ)

પાટણ, તા. ૨૯

પાટણ સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ ૧૮-પાટણ વિધાનસભા મતદાર વિભાગ માટે આજે તા. ૨૯-૪-૨૦૧૪ના રોજ રાધનપુર, ચાણસ્મા તેમજ અન્ય તાલુકાઓમાંથી ચૂંટણી ફરજ માટે આવેલ પ્રમુખ અધિકારી, પ્રથમ મતદાન અધિકારી અન્ય પોલીંગ સ્ટાફને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી બીબીએ ભવન પાટણ ખાતેથી મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, પાટણ ભરતભાઈ જોશીએ ચૂંટણી પ્રક્રિયા અંગે મતદાનના દિવસે અને આગળના આજના દિવસે કરવાની થતી કાર્યવાહીની છણાવટ કરી, ડીટેઈલ ઓડર્સ ઈશ્યુ કરી ઝોનલ અધિકારીના માધ્યમ થકી તમામ ઈવીએમ, બેલેટ સહિત તમામ મતદાન સામગ્રી અને સાહિત્યનું મતદાન મથકવાર વિતરણ કરી, ટીમો મતદાન બુથો તરફ રવાના કરી હતી. ઉલ્લેખનીય છે કે ૧૮-પાટણ મતદાન વિભાગ કુલ ૨૬૫ મતદાન મથકો માટે ૩૨ બસોમાં અને અન્ય વાહનોમાં ટીમો રવાના કરાઈ હતી. મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી ભરતભાઈ જોષીએ આ તબક્કે અગાઉ પ્રિસાઈન્ડીંગ તેમજ પોલીંગ ઓફિસરશ્રીઓને મતદાન પ્રક્રિયા અંગે ચૂંટણી પંચની ગાઈડલાઈન અનુસાર સંપુર્ણ તાલીમો આપવામાં આવેલ છે. તેનો ઉલ્લેખ કરી ચૂંટણીના દિવસે નિયમોનુસાર કામગીરી કરવા તેમજ સમયાંતરે ઝોનલ અધિકારીશ્રીઓએ રીપોર્ટીંગ કરવા સુચના આપી હતી. નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી માટે કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહી તેમ જણાવ્યું હતું.

# ધનસુરા ટ્રાફિક પોલીસ હપ્તાના નશામાં ચકચુર

## વાહનચાલકો દ્વારા ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન

ધનસુરા, તા. ૨૯

ધનસુરા શહેરના મુખ્ય માર્ગો પર રોજના અસંખ્ય વાહન ચાલકો સવાર સાંજ ટ્રાફિક નિયમોના ધજાગરા ઉડાડી વાહન હંકારે છે. તેમ છતાં ટ્રાફીક પોલીસ હપ્તાની માયાજાળના કારણે તમામ વાહન ચાલકો સામે આંખ આડા કાન કરી માર્ગ પર ઉભા રહી તમાશો જોવે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાંથી રોજના અસંખ્ય ભારવાહક ટ્રકો અને નાના વાહનોની ભારે અવર જવર રહે છે. પરીણામે દરરોજ અસંખ્ય અકસ્માતો સર્જાય છે. ઉપરાંત નગરના વાહન ચાલકો પણ બેફામ બની ત્રણ ત્રણ સવારી અને રોંગ સાઈડમાં પુરપાટ ઝડપે વાહનો હંકારે છે. અને છડેચોક ટ્રાફિકના નિયમોનું વાહન ચાલકો ઉલ્લંઘન કરે છે ત્યારે આ સમગ્ર મામલા વિશે ટ્રાફિક પોલીસના જવાનો પોતાની નજર સમક્ષ બધો તમાશો જોઈ રહે છે. તો બીજી બાજુ વાહન ચાલકોને પણ પોલીસનો કોઈ ડર જ રહ્યો નથી. પોલીસના ઉચ્ચ અધિકારીઓ આ સંદર્ભે યોગ્ય તપાસ કરી નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહન ચાલકો અને નિયમોનું યોગ્ય પાલન ન કરાવનારા ટ્રાફિક પોલીસના જવાનો સામે લાલ આંખ કરે તેવી તાતી જરૂરીયાત ધનસુરા શહેરમાં ઉભી થઈ છે તેવું નાગરિકો ઈચ્છી રહ્યા છે.

# ધનસુરામાં ગટર યોજનાના ખોદકામથી માર્ગો બિસ્માર : રહિશો ત્રાહીમામ

ધનસુરા, તા. ૨૯

ધનસુરા શહેરમાં નગરપાલિકા તંત્ર દ્વારા માર્ગોની આસપાસ ખોદકામ કરી લાખ્ખો રૂપિયાની ગટર યોજનાનુ કામ શરૂ કરવામાં આવ્યુ હતુ. જેમાં કોન્ટ્રાક્ટર દ્વારા પાઈપો નાખી પુરાણ કર્યા વગર જ કામ અધુરૂ છોડી જતો રહ્યો હતો. જેને એક વર્ષથી વધુનો સમય વિતી ગયો છે ત્યારે આ બિસ્માર માર્ગને લઈ સ્થાનિકો અને વાહનચાલકો ભારે પરેશાન થઈ ગયા છે અને તેને તાત્કાલિક ધોરણે માર્ગનું રીપેરીંગ કામ કરવા માંગ કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરામાં એક વર્ષ અગાઉ નગરપાલિકા તંત્ર દ્વારા લાખ્ખો રૂપિયાના ખર્ચે ગટરલાઈનનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું. જેને લઈ ધનસુરાના મુખ્ય માર્ગોની બન્ને બાજુ ખોદકામ કરવામાં આવ્યું હતું અને બાદમાં ગટરલાઈન માટે પાઈપો નાખવામાં આવી હતી. થોડા સમય સુધી કોન્ટ્રાક્ટર દ્વારા કામ જેમની તેમ સ્થિતિમાં મુકી દેવામાં આવ્યુ હતુ. જે આજ દિન સુધી જે તે પરિસ્થિતિમાં જ છે. પરિણામે આ માર્ગોની આસપાસ રોજ અવર-જવર કરતા વાહનચાલકો અને રાહદારીઓ ભારે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. તો બીજી તરફ સ્થાનિક વહીવટીતંત્ર પણ ચૂપચાપ બધો ખેલ નિહાળ્યા કરે છે. ત્યારે સ્થાનિકોએ આ સંદર્ભે ભારે રોષ વ્યક્ત કર્યો છે. અને સત્વરે આ ખોદકામનું પુરાણ કરી યોગ્ય સપાટ માર્ગ બનાવે તેવી સ્થાનિકોએ માંગ કરી છે.

# મતદાનનો વિક્રમ સર્જવા મતદારોને ભાજપની અપીલ

અમદાવાદ, તા.૨૯

ભાજપના ગુજરાતના પ્રભારી ઓમ માથુર અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ આરસી ફળદુએ સંયુક્ત અખબારી યાદીમાં ૩૦ એપ્રિલ ૨૦૧૪ને બુધવારના રોજ સવારે ૭:૦૦થી સાંજે ૬:૦૦ કલાક સુધી યોજનારા લોકસભાની ચૂંટણીના ગુજરાતની ૨૬ બેઠકોના મતદાનમાં વિક્રમજનક મતદાન કરવા તમામ ગુજરાતવાસીઓને અપીલ કરી છે. તેઓએ જણાવ્યું છે કે, સમગ્ર દેશમાં કોંગ્રેસના ભ્રષ્ટ શાસન સામે પરિવર્તનની લહેર છે. ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને દેશવાસીઓ વડાપ્રધાન બનાવવા થનગની રહ્યા છે. મતલક્ષી રાજનીતિને સ્થાને વિકાસ અને સુશાસનની રાજનીતિને સમર્થન આપી રહ્યા છે ત્યારે ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો પર ભાજપના કમળને વિજયી બનાવી ગુજરાતના ગૌરવને દિલ્હીમાં પ્રસ્થાપિત કરવા ગુજરાતના સૌ મતદારોને કટિબદ્ધ થવા ભાજપનું આહવાન છે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે, દિલ્હીની સરકાર મજબુત બનશે તો મોંઘવારી, ભ્રષ્ટાચાર, ગરીબી, બેકારી જેવી સમસ્યાઓની સામે મક્કમતાથી લડી શકશે. કોંગ્રેસના ૧૦ વર્ષના શાસનમાં જે રીતે નિરાશાનું વાતાવરણ ઉભું થયું છે તે દૂર થશે અને આશાસ્પદ વાતાવરણ નિર્માણ થશે. ગુજરાતમાંથી ઉભો થયેલી વિચાર સૌનો સાથે, સૌનો વિકાસ રાષ્ટ્રીય સ્તરે વિસ્તરશે. ભાજપના કમળના નિશાન સામેનું બટન દેશના સર્વાંગીણ વિકાસના વિચારને પોષક બનશે.

# એલપીજી વપરાશકર્તાઓને દર મહિને એક જ સિલિન્ડર

અમદાવાદ, તા.૨૯

પેટ્રોલિયમ વિભાગના નવા પરિપત્રથી ગેસ એજન્સી અને એલપીજી વપરાશકર્તાઓની મુશ્કેલીમાઓમાં વધારો થાય તેવી સંભાવના છે કેમ કે પેટ્રોલિયમ વિભાગના નવા પરિપત્ર અનુસાર એલપીજી વપરાશકર્તાને કુટુંબદીઠ હવે એક મહિનામાં એક જ સિલિન્ડર મળશે અને જો ગ્રાહકને બીજો સિલિન્ડર જોઈતો હશે તો તેણે ગેસ એજન્સીને બીજા સિલિન્ડર માટે અરજી આપવાની રહેશે જેમાં ગેસ એજન્સીને યોગ્ય લાગશે તો બીજુ સિલિન્ડર ગ્રાહકને મળશે.

વાત એમ છે કે સરકારે એલપીજી વપરાશકર્તાને અગાઉ કુટુંબદીઠ વાર્ષિક નવા બાટલાની જગ્યાએ ૧૨ બાટલા આપવાની જાહેરાત કરતા હવે એલપીજી વપરાશકર્તાઓને ૧૨ બાટલા મળે છે, પરંતુ સિલિન્ડર મામલે પેટ્રોલિયમ વિભાગનો નવો પરિપત્ર જારી થતાં ગેસ એજન્સી અને એલપીજી વપરાશકર્તાઓને થોડી મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નવા પરિપત્ર મુજબ જે તે એલપીજી વપરાશકર્તાને ગેસ એજન્સી તરફથી માસિક એક સિલિન્ડર મળશે અને જો ગ્રાહકને મહિના દરમ્યાન બીજુ સિલિન્ડર જોઈતું હશે તો તેણે ગેસ એજન્સી સમક્ષ લેખિતમાં અરજી ગેસ એજન્સી ગ્રાહકની અરજી સ્પેશિયલ કમિટીને મોકલશે અને જો સ્પેશિયલ કમિટીને ગ્રાહકની અરજી વિશ્વાસપાત્ર લાગશે તો તે ગ્રાહકને મહિનામાં બીજુ સિલિન્ડર વપરાશ માટે આપશે. કમિટી અરજીના યોગ્ય આધારે મુલ્યાંકન કરી આ સંબંધે નિર્ણય લેશે. આમ વપરાશકર્તાને એક મહિનામાં માત્ર એક જ બાટલો મળી શકશે અને જો બીજા બાટલાની જરૂર પડશે તો લખાણપટ્ટી કરવી પડશે. આ પરિપત્રથી એલપીજી વપરાશકર્તા અને ગેસ એજન્સીઓ વચ્ચે તકરાર ઉભી થશે કેમ કે જો કમિટીને યોગ્ય નહીં લાગે તો ગ્રાહકને મહિનામાં બીજુ સિલિન્ડર નહીં મળે.

# લીંબાણા નજીક અકસ્માત

## પત્રકાર સહિત ત્રણના કરૂણ મોત : લગ્નની કંકોત્રી આપવા જતા મિત્રોને કાળ ભેટ્યો

સુઈગામ, તા. ૨૯

સુઈગામ તાલુકાના લીંબાળા ગામ નજીક વહેલી સવારે સ્વીફટકાર અને ટ્રક વચ્ચે અકસ્માત થતા કારમાં બેઠેલા ત્રણ વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર સૂઈગામના વતની અને સંદેશના રીપોર્ટર સુજાજી રૂપશીભાઈ રાજપૂત પોતાના ભાઈના ઘરે લગ્ન હોઈ લગ્નની પત્રિકાઓ આપવા માટે પત્રીકાઓ લઈ મંગળવારે સવારે પોતાની સ્વીફ્ટ કાર લઈ પોતાના મિત્રો સાથે વાવ તરફ જઈ રહ્યા હતા ત્યારે લીંબાળા ગામ નજીક વાવા તરફથી પુરઝડપે આવી રહેલ ટ્રકચાલકે ગફલતભરી રીતે ટ્રક હંકારી સ્વીફ્ટ કારને ધડાકાભેર ટક્કર મારતા કારમાં બેઠેલ ત્રણ વ્યક્તિઓ સુજાજી રાજપુત, ગોકળભાઈ પ્રજાપતિ અને પેથાભાઈ રબારીના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે લાલાભાઈ નાઈને ઈજાઓ થવા પામી હતી. જેને થરાદ હોસ્પિટલના સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

# લોકશાહી સંસદીય ચૂંટણી માટે પ્રાંતિજ તંત્ર દ્વારા સજ્જડ વ્યવસ્થા

પ્રાંતિજ, તા. ૨૯

લોકસભા સાબરકાંઠા જિલ્લાની સંસદીય ચૂંટણીનું તમામ કાર્ય ચૂંટણીના નિતિ નિયમાનુસાર અને લોકશાહી પદ્ધતિથી થાય તે માટેનું સજ્જડ આયોજન પ્રાંતિજ મતક્ષેત્રમાં જિલ્લા મ. ચૂંટણી અધિકારી મોદીના માર્ગદર્શન હેઠળ મામલતદાર અને મ.ચૂ.અ. ડોડિયા મારફતે કરવામાં આવ્યું છે. અને ચૂંટણીલક્ષી તમામે તમામ સાહિત્ય અને ચૂંટણી સ્ટાફ બુથો પર રવાના કરી દેવામાં આવ્યો છે.

તો ઉનાળાની ગરમીમાં તમામ મતદાન બુથો પર આરોગ્યલક્ષી સેવાઓ માટે તાલુકા બ્લોક હેલ્થ સેન્ટર પ્રાંતિજના બ્લોક હેલ્થ ઓફિસર ડૉ. ગૌતમ નાયક મારફતે ફસ્ટેટ કિટ્સનું વિતરણ અને આરોગ્ય તબીબી સેવાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેનાથી ચૂંટણી સ્ટાફ તથા મતદારોની ઈમરજન્સી આરોગ્ય સેવા મળી શકે.

તેમજ કાયદો ને વ્યવસ્થા માટેની પણ તમામ બુથો પર પોલીસકર્મી તથા સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિના વાતાવરણમાં અને ચૂંટણીના નિયત નિયમાનુસાર કરવા તાલુકા તંત્ર દ્વારા વ્યવસ્થા કરી દેવામાં આવી છે.

# શિક્ષક માત્ર નોકરિયાત નથી, વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં ક્ષમતા કેળવી પ્રેરણા પૂરી પાડનાર નિર્ણાયક પરિબળ છે

## એચ.એમ.પટેલ સીડીસીના ઉપક્રમે એનવીપાસના બે દિવસના ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું ઉદ્‌ઘાટન કરતા સીવીએમના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ

વલ્લભ વિદ્યાનગર, તા. ૨૯

શિક્ષકના વ્યવસાયમાં જોડાયા પછી એને લાયક થવા અને આ શિક્ષકનો ધર્મ છે.

ચારુતર વિદ્યામંડળસંચાલિત એચ.એમ.પટેલ કૅરિયર ડૅવલપમેન્ટ દાખવીને, અઘરા ગણાતા વિષયને સરળતાથી શીખવા પ્રેરીને તેમના સમગ્રલક્ષી વિકાસની દિશામાં નિરંતર






વ્યવસાયમાં આનંદ અનુભવવા વ્યક્તિએ સતત પ્રયત્નશીલ રહીને અમુક ગુણ કેળવવા જોઈએ એવું જણાવી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલે ઉમેર્યું હતું કે જ્ઞાનપ્રાપ્તિ જ પૂરતી નથી વિદ્યાર્થીઓમાં એ જ્ઞાનનો પ્રસાર કરી એને પ્રભાવીપણે પોતાના વ્યાખ્યાનોમાં અભિવ્યક્ત કરી અલગ અલગ ક્ષમતા અને વિશેષતા ધરાવનાર વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડવી એ સૅન્ટર (સીડીસી)ના ઉપક્રમે સીવીએમની ઍન.વી.પટેલ કૉલેજ ઓફ પ્યૉર ઍન્ડ ઍપ્લાઈડ સાયન્સીસ (એનવીપાસ)ના અધ્યાપકોના ફેકલ્ટી ડૅવલપમેન્ટ પ્રોગ્રામના ઉદ્‌ઘાટન સમારંભના પ્રમુખસ્થાનેથી પ્રિ.શનુભાઈ પટેલે વિદ્યાર્થીઓ સાથે શિક્ષકની વર્તણૂક વિશે સરળ અને સહજ સમજણ આપી હતી. તેમણે કહ્યું હતું કે શિક્ષકે વિદ્યાર્થીઓને ધમકાવવાને બદલે પ્રેમથી સમજાવીને જરૂર પડે ત્યાં કડકાઈ કાર્યરત રહેવું જોઈએ. વિદ્યાર્થીઓના માનસમાં શિક્ષકપ્રત્યે વિશ્વાસ કેળવાય અને શિક્ષક તેમની કાળજી રાખે છે એવો ભાવ અનુભવાય એ જ શિક્ષકની સફળતાની નિશાની છે. પ્રિ.શનુભાઈએ વિલિયમ આર્થર વૉર્ડના શબ્દો આ પ્રસંગે ટાંકતાં મહાન શિક્ષક પ્રેરણારૂપ બનતો હોવાની વિભાવના રજૂ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે સાચા શિક્ષકો ભણી વિદ્યાર્થીઓ કાયમ માટે કોઈ પણ સ્થળે આદર અને પ્રેમ ધરાવતા હોય છે.

# પંજાના નિશાન ઉપર મત આપવા કોંગ્રેસની અપીલ

## અર્જુન મોઢવાડીયા તથા શંકરસિંહ વાઘેલાએ ગુજરાતના મતદારોને કરેલી અપીલ

અમદાવાદ, તા. ૨૯

ગુજરાતની લોકસભાની ૨૬ બેઠકો માટે તા. ૩૦-૪-૧૪ના રોજ કોંગ્રેસપક્ષ તરફી પંજાના નિશાન ઉપર મતદાન માટે અપીલ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયા અને વિધાનસભા કોંગ્રેસપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસપક્ષના નેતૃત્વની



યુપીએ સરકારે છેલ્લા દશ વર્ષના શાસનમાં સામાન્ય નાગરીકોને અધિકાર આપીને સશક્તિકરણ કર્યું છે. રોજગારનો અધિકાર (મનરેગા), શિક્ષણનો અધિકાર (આરટીઆઈ), જંગલની જમીનનો અધિકાર, ફેરયાઓને સન્માન સાથે રોજગારીનો અધિકાર, અન્ન સુરક્ષાના અધિકાર સહિત દેશમાં આમુલ પરિવર્તન માટે અનેક સામાજિક સુરક્ષા-કલ્યાણકારી પગલા ભરીને ભારત નિર્માણ કરવામાં આવ્યું સાથેસાથે કેન્દ્રની યુપીએ સરકારે શિક્ષણ પાછળ સાત ઘણાં નાણાંની ફાળવણી કરીને દેશના શિક્ષણનો વ્યાપ વધાર્યો, આરોગ્ય સેવા પાછળ વધુ નાણાંની ફાળવણી કરીને નાનામાં નાના વ્યક્તિને આરોગ્ય સેવા ઉપલબ્ધ થાય તે દિશામાં કામગીરી કરી.

કોંગ્રેસ નેતૃત્વની યુપીએ સરકારે ૧૦ વર્ષના શાસનબાદ વધુમાં વધુ નાગરીકોનું સશક્તિકરણ થાય તે માટે અગાઉની જેમજ અદિકાર આધારીત એટલે કે દરેક નાગરીકને આવાસનો અધિકાર, મફત આરોગ્ય સેવા અધિકાર, પેન્શનનો અધિકાર, સહિત અનેક બાબતોનો સમાવેશ કોંગ્રેસપક્ષે દેશના નાગરીકો માટે સંકલ્પ પત્રમાં સમાવેશ કર્યો છે ત્યારે ગુજરાતના તમામ મતદાતાઓને કોંગ્રેસપક્ષ તરફી પંજાના નિશાન પર મતદાન કરવા હાર્દીક અપીલ છે.

# સાબરકાંઠા જિલ્લામાં ૧૧ લાખ મતદારોને એસએમએસ

સાબરકાંઠા લોકસભાની સામાન્ય ચૂંટણી અને હિંમતનગર





(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

વિધાનસભા પેટાચુંટણી- ૨૦૧૪ અનુલક્ષીને કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી બંછાનિધિ પાનીના અધ્યક્ષતામાં હિંમતનગર કલેક્ટર કચેરી ખાતે આજે પત્રકાર પરીષદ યોજાઈ હતી.

સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર મતદાન માટે સજ્જ હોવાનું જણાવી કલેકટરએ માહિતી આપતાં જણાવ્યું હતુ કે જિલ્લામાં ૧૧ આદર્શ આચારસંહિતા ભંગ થયા કેસ નોંધાયા હતા જે તમામ ફરીયાદનું નિરાકરણ કરવામાં આવ્યું છે.

સાબરકાંઠા સંસદીય મતદાર વિભાગ અને હિંમતનગર વિધાનસભા મતદાર વિભાગમાં નિષ્પક્ષ અને મુકત વાતાવરણમાં મતદાન થઈ શકે તે માટે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મળી કુલ ૯૧૫ વિડીયોગ્રાફર મુકવામાં આવેલ છે.

જયારે સમગ્ર સાબરકાંઠા સંસદીય મતવિસ્તારમાં ૯૯ ટકાથી મતદારોને મતદાર કાપલી (વોટર સ્લીપ) આપવામાં આવી છે પરંતુ અનિવાર્ય સંજોગમાં કોઈ મતદારને વોટર સ્લીપ મળી શકી ન હોય તો મતદાન મથકની બહાર બી.એલ.ઓ પાસેથી પણ મેળવી શકશે. આ ઉપરાંત સાબરકાંઠા જિલ્લાના ૧૧ લાખ મતદારોને મતદાન કરવાના અપીલ સાથેના એસ.એમ.એસ કરવામાં આવશે. સમગ્ર સાબરકાંઠા જિલ્લાના ૭૮૧૩૫૭ મહિલા મતદાર અને ૮૩૦૮૦૭ પુરૂષ મતદાર મળી કુલ ૧૬૧૨૧૬૫ મતદારોને ફોટો ઓળખકાર્ડ આપવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

જિલ્લામાં મતદાનની કામગીરી માટે વહિવટીતંત્રની સજ્જતા વિષે વાત કરતા કલેકટરશ્રીએ જણાવ્યું હતુ કે, જિલ્લાના ૨૧૪૭ મતદાન મથકોમાં મતદાન કરાવવા માટે ૧૧,૮૨૭ પોલીગ સ્ટાફને ટ્રેઈન કરવાની સાથે મદદરૂપ થવા ૩૮૩ માઈક્રો ઓબ્ઝર્વરની નિમણૂક કરવામાં આવી છે. જયારે મતદાનના દિવસે મતની ટકાવારી દર બે કલાકે જાણી શકાય તે માટે એસ.એમ.એસ સુવિધા ઉભી કરી મીડીયાને અવગત કરવામાં આવશે.

આજે ૩૦ એન્લિના રોજ મતદાન યોજાનાર છે ત્યારે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લાના ૧૧૦૦ પોલીસ જવાન અને પાંચ પેરામિલેટ્રીની પાંચ કંપની મળી કુલ ૩,૦૦૦થી વધુ પોલીસ જવાન તૈનાત રહેશે.

# ક્લિનિક ટ્રાયલમાં રોકાયેલા લોકો મતદાન નહીં કરી શકે

## ટ્રાયલ વેળા સ્ટાફને બહાર નીકળવાની છુટ નથી

અમદાવાદ, તા. ૨૯

ફાર્મા સેક્ટરના વિકાસના પગલે અમદાવાદ અને વડોદરા સહિતના શહેરોમાં નવી સંશોધિત દવાઓ માટે ક્લિનીક ટ્રાયલમાં રોકાયેલા હજારો લોકો આવતીકાલે મતદાન નહીં કરી શકે. આ વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણીમાં એક એક મતનું મહત્વ છે તેમજ ચુંટણીમાં વધુને વધુ મતદાન થાય તે માટે ચૂંટણીપંચ સક્રીય બન્યું છે પરંતુ ક્લિનીક ટ્રાયલમાં રોકાયેલા સ્ટાફને ટ્રાયલ દરમિયાન બહાર નીકળવાની રજા મળતી ન હોવાથી ગરીબ પરિવારના હજારો લોકો મતદાનથી વંચિત રહેશે. દેશભરમાં ચાલી રહેલી લોકસભાની ચૂંટણીમાં વધુને વધુ મતદાન થાય તેમજ મતદાન અંગે જાગૃતિ લાવવા માટે ઠેર ઠેર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે ક્લિનીક ટ્રાયલ માટે ચાર કે તેથી વધુ દિવસો અથવા મહિનાઓ સુધી રિસર્ચ સેન્ટરમાં ટ્રાયલ હેઠળ રહેલા ગરીબ પરિવારના હજારો લોકો આવતીકાલ મતદાન નહીં કરી શકે. ક્લિનીકલ ટ્રાયલ માટે રાજ્યના વિવિધ શહેરોમાંથી હજારોની સંખ્યામાં ગરીબો અમદાવાદ અને વડોદરા ખાતે આવે છે

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD
ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧